**રજા પ્રવાસ રાહતનો લાભ મોકુફ રાખવા અંગે.**

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
ઠરાવ ક્રમાંક-મસભ-૧૦૨૦૦૧-૩૬૮-ચ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ :-૧, મે, ૨૦૦૧

**વંચાણે લીધાઃ-** (૧) ના.વિ.ઠરાવ ક્રમાંક-મસભ-૨૧૬૬-૪૨૯૮-જ, તા.૧૫-૧૦-૧૯૬૬
(૨) ના.વિ.ઠરાવ ક્રમાંક-મસભ-૨૧૯૧-૧૧૧૭-જ, તા.૧-૭-૧૯૭૧.
(૩) ભા.સ.ના મીની.ઓફ પર્સોનલ પબ્લીક ગ્રીવીન્સીસ એન્ડ પેશન્શ ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેઇનીંગનું ઓફીસ મેમોરન્ડમ ક્રમાંક-૩૧૦૧૧/૩/૨૦૦૧- ઇએસટીટી -(૧) તા. ૨-૩-૨૦૦૧

**ઠ રા વ :-**

આમુખમાં દર્શાવેલ ઠરાવો અન્વયે રાજયના કર્મચારીઓને વતન પ્રવાસ રાહત/ રજા પ્રવાસ રાહત ( ભારતના કોઇપણ સ્થળની મુલાકાત ૬૦૦૦ કિ.મી.ની મર્યાદામાં ) તેમાં દર્શાવેલ જોગવાઇઓને આધીન મળવાપાત્ર છે. કર્મચારીઓને વતન/ રજા પ્રવાસ રાહતની સવલત બાબતમાં રાજય સરકાર મહદંશે કેન્દ્ર સરકારને અનુસરે છે. આમુખમાં ક્રમાંક-(૩) આગળ દર્શાવેલ ભારત સરકારના તા.૨-૩-૨૦૦૧ ના મેમોરન્ડમ અન્વયે કેન્દ્રીય કર્મચારીઓને આપવામાં આવતી રજા પ્રવાસ રાહતની સવલત તાત્કાલિક અસરથી બે વર્ષની મુદત માટે મોકુફ રાખતા હુકમો કરેલ છે. રાજયના કર્મચારીઓને આપવામાં આવતી વતન પ્રવાસ રાહત અને રજા પ્રવાસ રાહત સવલત મોકુફ રાખવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી વિચારણાના અંતે રાજયના કર્મચારીઓને આપવામાં આવતી રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતની સવલત તાત્કાલિક અસરથી બે વર્ષ માટે નીચેની શરતોને આધીન મોકુફ રાખવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આ હુકમોનો અમલ રવાનગીની તારીખથી કરવાનો રહેશે.

(૨) આ હુકમો ૧૯૯૬-૯૯ નો બ્લોક જે તા.૩૦-૬-૨૦૦૧ સુધી લંબાવેલ છે તેને તથા ૨૦૦૦-૨૦૦૩ ના ચાલુ બ્લોકને પણ લાગુ પડશે.

(૩) જે કર્મચારીઓનો , તા.૧-૫-૨૦૦૧ ના રોજ વયનિવૃત્તિનો સમયગાળો બે વર્ષથી ઓછો હોય તેવા કર્મચારીઓને આ હુકમોમાંથી મુકિત આપવામાં આવે છે. પરંતુ સંબંધિત કર્મચારીએ ચાલુ બ્લોકમાં આ સવલત ભોગવેલ ન હોવી જોઇએ.

(૪) આ હુકમો વતન/ રજા પ્રવાસ રાહતની સવલત મેળવતા હોય તેવા તમામ કર્મચારીઓ જેવા કે રાજય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ, યુનિવર્સીટીઓ/ કોલેજના શૈક્ષણિક અને બીન-શૈક્ષણિક કર્મચારીઓ, રાજય સરકારના તમામ બોર્ડ કોર્પોરેશનના કર્મચારીઓને તેમજ સરકારી અનુદાન મેળવતી તમામ સંસ્થાઓના કર્મચારીઓને વિગેરેને લાગુ પડશે.

(૫) આ હુકમો , રાજય સરકારના પ્રવર્તમાન હુકમો અનુસાર આ રાહત મળવાપાત્ર છે એવા રાજયના કર્મચારીઓ રાજય સરકારમાંથી અન્ય રાજય સરકાર/ સંસ્થામાં પ્રતિનિયુકિત પર હોય તેવા તમામ કર્મચારીઓને પણ લાગુ પડશે.

(૬) જે કર્મચારીઓની રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહત હેઠળની મુસાફરી શરૂ થયેલ નથી પરંતુ આ અંગેની ટિકિટ બુક કરાવી લીધેલ છે તેઓએ બુકીંગ રદ કરાવવાનું રહેશે. આ બુકીંગ રદ કરાવવા અંગેના નિયમોનુસારના કેન્સલેશન ચાર્જીઝ સંબંધિત વિભાગ, ખાતાના વડા, કચેરીના વડા દ્વારા રીએમ્બર્સ કરી આપવાના રહેશે.

(૭) જે કર્મચારીઓએ પેશગી મેળવી લીધેલ છે તેવા કર્મચારીઓએ મેળવેલ પેશગીની રકમ તાત્કાલિક એક જ હપ્તામાં કોઇપણ પ્રકારના વ્યાજ વગર પરત ભરપાઇ કરવાની રહેશે.

(૮) જે કર્મચારીઓએ આ હુકમોની રવાનગી પહેલાં રજા પ્રવાસ રાહત હેઠળની આઉટ વર્ડ મુસાફરી શરૂ કરી દીધેલ છે તેવા કર્મચારીઓ પરત મુસાફરી નિયમ અનુસાર પૂર્ણ કરી શકશે.

(૯) સચિવાલયના વહીવટી વિભાગોએ તાત્કાલિક આ હુકમો સંબંધિત અધિકારી/ કર્મચારી/ બોર્ડ/ કોર્પોરેશન સંબંધિત સંસ્થાઓના ધ્યાને મૂકવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એન.એન.મહેતા,**
ઉપસચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

★ માનનીય, રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર

★ માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,

માનનીય મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ.

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ કલેકટરશ્રીઓ.

★ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

★ રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઇકોર્ટ,અમદાવાદ.

★ સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

★ સરકાર માન્ય તમામ સરકારી કર્મચારી મંડળો.

★ સચિવશ્રી,ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.

★ સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

★ અધ્યક્ષશ્રી,ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ,ગાંધીનગર.

સર્વે નિગમો/યુનિવર્સીટીઓ.

સર્વે સંસદ અને વિધાનસભાના સદસ્યશ્રીઓ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ) ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ( એ.એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ

નિવાસી હિસાબ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.

પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.

પગાર અને હિસાબ અધિકારી,સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર/ વડોદરા.

નિયામકશ્રી,પેન્શન અને પ્રો.ફંડ,ખાનપુર,લાલાકાકા એસ્ટેટ, અમદાવાદ.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, અમદાવાદ.

તમામ જીલ્લા તિજોરીઓ અને પેટા તિજોરીઓ.

નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, અમદાવાદ.

નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ( નાણા સલાહકારશ્રીઓ સહિત).

નાણા વિભાગની તમામ શાખાઓ( નાણા શાખાઓ સહિત)

સિલેકટ ફાઇલ/મદદનીશ સિલેકટ ફાઇલ,

''ક'' વહેંચણી.

પત્ર દ્વારા.